

શ્રીસ્વામિનારાયણ મંદિર

કારેલીબાગ, વડોદરાથી પ્રકાશિત મેગેઝીન

# સત્સંગ સેવક

મે-૨૦૨૩



શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામથી પ્રકાશિત

# સત્સંગ સેવક

મે, ૨૦૨૪

જમો મીઠી કેરી,
હે ! રંગલહેરી



# અનુક્રમણિકા


3 સમયની અમૂલ્યતા
- પ.પૂ.શ્રીગુરુજી

4 ભગવન્નામ-સ્મરણનો મહિમા
- પ.પૂ.શ્રીગુરુજી

6 શ્રેષ્ઠના સંગે શ્રેષ્ઠ પ્રાપ્તિના ઉપાયો શું ???
- સાધુ ઈશ્વરચરણદાસ

8 બંધનમુક્ત
- સાધુ કૃષ્ણપ્રિયદાસ

9 આ કરુણાને ક્યારેય યાદ કરીએ છીએ ?
- સાધુ સાકારસ્વરૂપદાસ

10 દાદા ખાચરને સમાધિમાં આશ્ચર્ય દેખાડ્યું
- સાધુ પ્રસન્નવદનદાસ

12 FREEZE
- સાધુ સંકીર્તનદાસ

14 સફળતામાં સાવધ રહો...
- સાધુ આત્મીયસ્વરૂપદાસ

16 સત હરિભજન જગત સબ સપના
- સાધુ અનાદિસ્વરૂપદાસ

17 "ગુણ ગોતો ખૂબી ખોળો "
- પ.ભ.દિવ્યાંગભાઈ ઠક્કર-આણંદ

19 સત્સંગ સમાચાર






: આશીર્વાદ :

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ



: પ્રેરક :

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી
સ્વામી-કુંડળધામ

## સત્સંગ સુધા

અમારી મૂર્તિ ન ભૂલશો, સ્મરજો લગાતાર;
અંતકાળે આવીને હું, જ્ઞાન ઉતારીશ પાર.

સ્વામિનારાયણ સ્વામિનારાયણ, ભજન કરજો અખંડ રે;
અંતે તેડવા આવશું અમે, જ્યારે પડશે પંડય રે.

# સત્સંગ સેવક


પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ
વડોદરા-૧૮, મો.નં. ૯૬૦૧૨ ૯૦૦૦૫/૬

પ્રકાશન તિથિ : સં.૨૦૮૦ ચૈત્ર વદ-૧૨, તા.૦૫/૦૫/૨૦૨૪ રવિવાર

www.swaminarayanbhagwan.org
satsangsevak@kundaldham.org

9601290051 swaminarayan
swaminarayanbhagwan

કાવ્યકૃપા

# સમયની અમૂલ્યતા





જીવનના હર શ્વાસની, કિંમત જાણો અમૂલ્ય;
'જ્ઞાન' સંપત્ બ્રહ્માંડની, આવે ન તેની તૂલ્ય...૦૧
'જ્ઞાન' જીવનમાં સમયનો, કરો એવો ઉપયોગ;
આત્માને ક્ષણ ક્ષણ પ્રતિ, રહે હરિનો જ યોગ...૦૨
આધ્યાત્મિક અભ્યાસનું, પહેલું કરવું કામ;
'જ્ઞાન' ઝટ કરવો જ પડે, મૂર્તિમાળે વિરામ...૦૩
કરવાં પડે સત્સંગનાં, વે'વારનાં સૌ કામ;
'જ્ઞાન' એમ દૈહિક ક્રિયા, ભજવા જોઈએ શ્યામ...૦૪
ગણી આપેલ શ્વાસમાં, પૂરું કરવું છે કામ;
'જ્ઞાન' સમય ફાળવજ્યો, ભજવાને ઘનશ્યામ...૦૫
જોજ્યો જીવન સમય બધો, બીજે ન વપરાય જાય;
'જ્ઞાન' નિત્ય સમય ફાળવી, હરિમાં જવું જોડાય...૦૬
એવો અભ્યાસ કરવા, સમયના કરવા ભાગ;
'જ્ઞાન' સર્વે કામ વચ્ચે, ભજનનો લેવો લાગ...૦૭
ધ્યાન માટે નહિ ફાળવો, ને કર્યા કરશો કામ;
'જ્ઞાન' પછી બહુ પસ્તાશો, જીવન થાશે હરામ...૦૮
રાત-દિનનો સર્વ શ્રેષ્ઠ, 'જ્ઞાન' સમય જે હોય;
વાપરવો તે ધ્યાનમાં, બીજે ન વાપરો કોય...૦૯
બીજાં કામ પછી કરજો, સદા ભજો ભગવાન;
'જ્ઞાન' આત્મકલ્યાણાર્થે, પહેલું કરી લ્યો ધ્યાન...૧૦
ગાફલ શું કામ રહો છો, નથી જ ગાફલ કાળ;
'જ્ઞાન' પળમાં જ પકડશે, હરપળ ભજો દયાળ...૧૧

રચયિતા : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

સં.૨૦૬૭, જેઠ વદ-૧; તા.૧૬/૦૬/૨૦૧૧ ગુરુવાર



કથામૃતમ્

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ તા.૦૮/૦૩/૨૦૨૩ બુધવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામમાં કરેલ મનનીય પ્રવચન...

# ભગવન્નામ-સ્મરણનો મહિમા

- પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

શ્રીહરિમાં જેટલું હેત વધે એટલું હૃદય ટાઢું થાય, અંદર શાંતિ થાય, આનંદ વધે. જેટલો ભગવાનનો મહિમા દૃઢ થાય એટલું ભગવાનમાં હેત વધે. જેટલી ભગવાનની મહિમાસભર કથા સાંભળીએ એટલો ભગવાનનો મહિમા થાય. મહિમાવાળા, નિષ્ઠાવાળા જે-જે હોય એનો આપણે જેટલો પ્રેમપૂર્વક સમાગમ રાખીએ એટલા એમના દિવ્ય ગુણો આપણામાં આવે.

આત્માને સુખ માટે જો કોઈ હોય તો એક વહાલા વહાલા મહારાજની દિવ્ય મૂર્તિ જ છે.

ભગવાનમાં જોડાવા માટે, ભગવાનનું અખંડ સ્મરણ કરવા માટે આચાર્યો, સાધુઓ, સત્શાસ્ત્રો, કથા, ભગવાન સ્વામિનારાયણે બંધાવેલાં મંદિરો અને મંદિરમાં બિરાજમાન પુરુષોત્તમનારાયણનાં સ્વરૂપો અતિ ઉપયોગી છે, કલ્યાણકારી છે.

જેનાથી જેટલો લાભ લેવાય એટલો લાભ લઈને ભગવાનમાં જોડાઈ જઈએ. બસ આ જન્મે તો પ્રભુને પામી જ જઈએ. અક્ષરધામમાં જઈને વહાલા મહારાજનો મહાઆનંદ લઈએ અને યુગોના યુગ એ પરમાનંદમાં ઝૂલતા રહીએ.

ભગવાનના ખરા ભક્તએ ભગવાનનો ઉપયોગ ફક્ત ત્રણ બાબત માટે જ કરવો જોઈએ :

(૧) ભગવાનને જાણવા માટે :

સાચો ભક્ત ભગવાનને જાણવા માટે જેટલા પરમેશ્વરને ઉપયોગમાં લેવા પડે એટલા ઉપયોગમાં લે, પણ બીજો ઉપયોગ ભક્ત ન કરે.

(૨) ભગવાનને પામવા માટે :

ભગવાનને સાક્ષાત્ પામવા માટે જે કાંઈ ભગવાનનો ઉપયોગ કરવો પડે એ કરે. એમના ગુણગાનનો, નામનો, ભજનનો, સત્સંગનો, સંતોનો, મંદિર-દેવ કે સંપ્રદાયનો ઉપયોગ ભગવાનને પામવા માટે જ કરે.

(૩) અખંડ ભગવાનના આનંદને માણવા માટે :

ભગવાનના સુખને માણવા માટે એ ભગવાનનો ઉપયોગ કરે.

જે આ ત્રણ ઉપયોગ સિવાય બીજી કોઈ પણ બાબત માટે ભગવાનનો ઉપયોગ કરે નહિ એને ભગવાનનું જ્ઞાન થાય છે, એને સાક્ષાત્ ભગવાન મળે છે અને એને ભગવાન કાયમને માટે ટકે છે.

અક્ષરધામના અધિપતિ, સર્વાવતારી પુરુષોત્તમ નારાયણ આપણને એમના ધામમાં લઈ જવા માટે આ લોકમાં આવ્યા હતા, નહિ કે માયા દેવા. આપણને માયા આપીને, આપણને એમાં ગૂંચવી મારવા માટે મહારાજે કાંઈ કામ નથી કર્યું.

ભગવાન અને ભગવાનના ધારક જે મોટા પુરુષો છે એમણે સદૈવ દિલમાં એક જ તાન રાખ્યું છે કે, સર્વે જીવ સહજાનંદનો અમર આનંદ પામે, ગામ મૂકી ધામમાં જાય. દેહના સંબંધીને મૂકી સંતોમાં સ્નેહવાળા થાય. દેહનું અભિમાન મૂકી બ્રહ્માભિમાની થાય. વિષયમાં પ્રીતિ-સુખબુદ્ધિ છે ત્યાંથી પ્રીતિ-સુખબુદ્ધિ કાઢી પુરુષોત્તમનારાયણની દિવ્ય મૂર્તિમાં ગાઢ પ્રીતિ-સુખબુદ્ધિ કરે. મહારાજે અને મોટા પુરુષોએ સદૈવ એવો જ દાખડો કર્યો છે.

ભગવાન સ્વામિનારાયણને સંભારવા માટે સસ્તામાં સસ્તું, સહેલામાં સહેલું અને સર્વ કાળમાં ખૂબ સુગમ પડે એવું જો કોઈ સાધન હોય તો તે છે : ભગવાનનું નામ - મંત્ર સ્મરણ ! ભગવાન શ્રીસ્વામિનારાયણે એક પત્રમાં પોતે લખાવ્યું હતું કે, જે નામીએ સહિત નામ જપે એને અંતર્યામી દર્શન દેશે અને ધામમાં તેડી જશે. એમાં એક વાક્ય એવું પણ લખ્યું હતું કે, થોડાં થોડાં નામ લેશે એને અંતકાળે દર્શન થશે અને ઝાઝાં નામ લેશે એને તો ઝટ દર્શન થશે. ભગવાનનાં દર્શનથી વધારે આ દુનિયામાં કોઈ મોટી વાત નથી.

આપણે તો પરમાત્માનાં દર્શન પામવાં છે. આપણે માયાના જીવ નથી. આપણે તો

પુરુષોત્તમનારાયણને વરવા સારુ આ લોકમાં આવ્યા છીએ. એ પૂર્ણ પુરુષોત્તમનારાયણ મળતા હોય તો શું નું શુંય કરી નાંખવા માટે થનગની રહ્યા છીએ.

ભગવાન સંભારવા જેવું કોઈ મોટું પુણ્ય નથી. અહંકારના ત્યાગ જેવો કોઈ શ્રેષ્ઠ ત્યાગ નથી. વિષયસુખમાં વૈરાગ્ય સમ સાધન નથી. ભગવાનમાં હેત કરવા જેવું આ દુનિયામાં કોઈ શ્રેષ્ઠ કર્તવ્ય નથી. ભગવાનમાં અખંડવૃત્તિ રાખવા જેવી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ કોઈ પ્રાપ્તિ નથી. એ માટે આખો દિવસ અતિ હેતે હરિના નામસ્મરણપરાયણ રહેવાય એવા પ્રયત્નમાં રહેવું.

"ધર્મકુંવર હરિકૃષ્ણ ચરણ નખચંદ્રને" આ પ્રેમાનંદ સ્વામીના કીર્તન શ્રેણીના ચોથા પદમાં સ્મરણનો મહિમા બહુ સારો છે. સ્મરણનો મહિમા જાણીએ તો નિર્વિઘ્ને સ્મરણ થાય.

**'સ્વામિનારાયણ આજ પ્રગટ મહા મંત્ર છે;'**

આમાં 'આજ' શબ્દ એટલે કે વર્તમાન કાળ ઉપર વજન છે. અન્ય કાળમાં કોઈ બીજા મંત્રની મહત્તા હશે, ગૌરવ હશે, દૈવત હશે પણ આજ તો સ્વામિનારાયણ...સ્વામિનારાયણ રટવામાં સૌથી મોટો લાભ છે.

**'શ્રવણે સુણતાં કંપે દિનકરદૂત જો;'**

જમદૂતને દિનકરદૂત કહ્યા છે. દિનકર એટલે સૂર્ય. સૂર્યના દીકરા એટલે યમરાજા અને એના દૂત જમદૂતો. ભગવાન સ્વામિનારાયણનું નામ સાંભળતાં જમદૂત ધ્રૂજવા માંડે છે, ભાગી જાય છે.

**ભવનાં બંધન સદ્ય કાપી સુખિયા કરે;**

સ્વામિનારાયણ...સ્વામિનારાયણ સ્મરણ ભવનાં બંધન કાપીને આપણને સુખી, સુખી કરી મૂકે છે.

**શું કહી દાખું મહિમા અતિ અદ્‌ભુત જો... સ્વામિ ૦૧**

**મહિમા બહુ મોટો છે, એ સ્વામિનારાયણ નામ;**
**જપશે જે ભાવથી, તે નક્કી પામશે જ ધામ.**

પરમાત્માના નામ-મંત્રનો કેટલો પ્રભાવ છે ? કેટલો પ્રતાપ છે ? એમાં કેટલો લાભ છે ? એ વિશે વિચારીએ તો હરિસ્મરણનું તાન ચઢે અને હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં, હરતાં-ફરતાં, ન્હાતાં-ધોતાં સ્વામિનારાયણ...સ્વામિનારાયણ થયા કરે.

સ્વામિનારાયણ નામ-મંત્ર તો ભગવાન શ્રીહરિએ સં.૧૮૫૮માં ફણેણી મુકામે રામાનંદ સ્વામીના ચૌદમાને દિવસે પ્રકાશિત કર્યો, તો પૂર્વે આ મંત્રથી અનેક પતિતનો ઉદ્ધાર કર્યો એ કેવી રીતે ?

**અનેક પતિત ઓધાર્યા પૂરવે આ મંત્ર થકી,**
**અજામેલ ગનીકા આદિક અપાર જો;**

તો એમાં ખોટું કાંઈ નથી. કારણ કે અજામેલ નારાયણ...નારાયણ જપ કરતો હતો. ગણિકા નારાયણ...નારાયણ કરતી હતી. એ નારાયણની આગળ વેદમાંથી 'સ્વામિ' શબ્દ મૂક્યો. 'નારાયણ' શબ્દ પણ વેદનો જ છે. સર્વના સ્વામી એવા નારાયણ એટલે સ્વામિનારાયણ !

**તે મંત્ર આજ મહારાજે પ્રગટ કર્યો;**
**કલિમાં કરવા અનેક પતિત ભવ પાર જો...સ્વામિ ૦૨**

જે વેદમાં હતો એનો એ જ મંત્ર આજે પ્રગટ કર્યો. એના સ્મરણ માત્રથી અનેક પાપીઓનાં તમામ પાપ સહેજે સહેજે બાળી, તમામ વાસનાથી એની મુક્તિ કરાવી એને અક્ષરધામ આપવા માટે મહારાજે પોતે આ મંત્ર પોતાના મુખથી પ્રગટ કરીને સૌને જપવા માટે આપ્યો છે.

**સકામી જન સુમરી પામે ત્રિવર્ગને,**
**નિષ્કામી જન પામે પદ નિર્વાણ જો,**

સકામ ભક્ત નામ સ્મરણ કરે તો ધર્મ, અર્થ અને કામ આ ત્રણે પુરુષાર્થને પામે અને નિષ્કામી ભક્ત નામ સ્મરણ કરે તો નિર્વાણપદ પામે.

**નામ તણા નામી સ્વામિ પ્રગટ મળ્યા;**
**તે જનના શું કરું મુખે વખાણ જો...સ્વામિ ૦૩**

કેવા મોટા પરમાત્મા ! કેવા આનંદદાયી ! કેવા સુખાળા ! કેવા હેતાળા ! એવા નામના નામી, ધામ તણા ધામી, અંતર્યામી સ્વામિનારાયણ ભગવાન જેને પ્રગટ મળ્યા, તે જનનાં હું શું વખાણ કરું ? એનું તો કામ થઈ ગયું.

**ભવ બ્રહ્મા મુનિ મુક્ત જપે આ મંત્રને,**
**તે સહુ પામ્યા મન વાંછિત સુખસાજ જો;**
**પ્રેમાનંદ કહે કર જોડી સહુ જનને;**
**ભૂલશો મા અવસર આવ્યો છે આજ જો...સ્વામિ ૦૪**

આ મંત્ર જપીને ઠામો ઠામ, ધામો ધામ, દેવ-ઈશ્વરો, મુક્તો, મનવાંછિત સુખ પામે છે.

પ્રેમાનંદ સ્વામીના હૃદયમાં કેવો મહિમા છે ! આપણા હૃદયમાં જો એવો મહિમા થઈ જાય તો ભગવાન ભૂલવા હોય તોપણ ભૂલાય નહીં. કામકાજ કરતાં, હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં સાંભર્યા જ કરે ! ●●●



# શ્રેષ્ઠના સંગે શ્રેષ્ઠ પ્રાપ્તિના ઉપાયો શું ???

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ  ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

આજે આપણને સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનનો આશરો અને શ્રેષ્ઠ સદ્‌ગુરુ તથા સાચા સંતો-ભક્તોનો યોગ મળ્યો છે, પણ તેમનો પૂરેપૂરો લાભ લેવાના સારામાં સારા ઉપાય શું ?

૧. મળેલાનો મહિમા તથા તેમાં હેત-વિશ્વાસ અને હિતકારીપણું વધતું જ રહે પણ કદી ઘટે નહિ તેમ રહેવું.

૨. તે માટે આપણા સદ્‌ગુરુ કે સંતો-ભક્તોની આધ્યાત્મિક ઊંચાઈ અને તેમની સ્વાભાવિક પ્રકૃતિને તેના-તેના સ્થાને સમજી રાખવી.

### આધ્યાત્મિક ઊંચાઈ એટલે ?

સર્વોપરી શ્રીહરિની નિષ્ઠા, આજ્ઞાપાલનતા, સાધુતા, એકાંતિકતા અને પોતે નિર્બંધન રહી અનેકને પ્રભુપરાયણ રાખવાની ક્ષમતા. જેમાં આવા જે જે દિવ્યગુણો હોય તે તેમની આધ્યાત્મિક ઊંચાઈ કહેવાય. તેને યથાર્થ ઓળખી તેનો કેફ રાખવો જોઈએ કે મને આવા મોટા પ્રભુપ્યારા મળ્યા છે. હું તેમનો છું અને તેઓ મારા છે; એ મારાં બહુ મોટાં ભાગ્ય છે.

### સ્વાભાવિક પ્રકૃતિ એટલે ?

મૂળજી બ્રહ્મચારી બહુ ભોળા હતા અને મુક્તાનંદ સ્વામી બહુ સુજ્ઞ હતા. આ ભોળપ અને સુજ્ઞતા એ સ્વાભાવિક પ્રકૃતિ કહેવાય. ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામી એ બંને મહારાજના મહાન સંત, પણ એક અતિ અંતર્મુખી વ્યક્તિત્વ ધરાવતા અને બીજા સંત અનેકને સત્સંગના રંગે રંગી નાખવાની ઉત્સાહી પ્રકૃતિવાળા હતા. ભુજવાળા પુરાણી શ્રીઘનશ્યામજીવન સ્વામીની પ્રકૃતિ અતિ માયાળુ-વાત્સલ્યપ્રધાન હતી, અને આપણા ગુરુજી જેવું લાગે તેવું વઢીને પણ કહી દે એવી પ્રકૃતિ ધરાવે છે.

અગત્રાયવાળા પર્વતભાઈ અતિ મહિમાપ્રધાન અને માણાવદરવાળા મયારામ ભટ્ટ અતિ ધર્મપ્રધાન પ્રકૃતિ ધરાવતા હતા. અ.નિ.શ્રીલાલજીભાઈ ધાનાણી-સુરત અતિ શૂરવીર પ્રકૃતિ ધરાવતા અને પ.ભ.શ્રીઘનશ્યામભાઈ જગાભાઈ-સુરત અતિ ધીર-ગંભીર પ્રકૃતિ ધરાવે છે.

કોઈની પ્રકૃતિ શાંત અને કોઈની ચંચળ હોય, કોઈની રફ અને કોઈની પરફેક્શનવાળી હોય. આવી બધી બાબત સ્વાભાવિક પ્રકૃતિમાં ગણાય. તે તે પ્રકૃતિની જે ફાયદાકારક સાઇડ હોય તેનાથી પ્રભાવિત થઈ તેમનો મહિમા જરૂર વધારાય, પણ એકબીજાની કમ્પેરીઝન કરી અભાવ-અવગુણ તો કદી ન જ આવવા દેવાય. મોટા પુરુષો કે સંતો-ભક્તો જુદી-જુદી પ્રકૃતિના હોય, પણ જ્યાં સુધી તેમને આપણા ઇષ્ટદેવનો નિશ્ચય પાકો હોય અને તેમની આજ્ઞાપાલન કરતા હોય તો કદી ગૌણભાવ ન જ થવા દેવો

જોઈએ; તો મહિમા જળવાય અને આપણે તેમનો પૂરેપૂરો ફાયદો ઉઠાવી શકીએ.

જો સ્વાભાવિક પ્રકૃતિને સહજ ન લઈએ અને તેને બહુ સિરિયસ લઈએ તો આપણને અભાવ આવ્યા કરે. પછી તેનામાં બીજી ઘણી બધી સારી આધ્યાત્મિક બાબતો હોય તોપણ આપણને મહિમા ઘટી જતો હોવાથી તેનો પૂરેપૂરો લાભ ન લઈ શકીએ. ઘણી વખત તો આપણે તેમની સ્વાભાવિક પ્રકૃતિને કારણે બહુ જ નાના કે દોષી માનીને તેમનાથી દૂર રહેતા હોઈએ છીએ. અભાવ-અવગુણ લઈ લઈને ભયંકર નુકશાન પણ પામતા હોઈએ છીએ.

આ બાબતને આપણા ઇષ્ટદેવ શ્રીહરિએ ૨૦૦ વર્ષ પૂર્વે પોતાની પરાવાણીમાં આ રીતે જણાવી છે - "જેમ તમે સમજો છો તેમ નાનપ્ય-મોટ્યપ નથી, **મોટ્યપ તો પ્રત્યક્ષ ભગવાનના નિશ્ચયે કરીને તથા તે ભગવાનની આજ્ઞાને વિશે વર્તવે કરીને છે.** માટે એવા જે હરિભક્ત તેનો કાંઈક દેહસ્વભાવ જોઈને તેનો અવગુણ લેવો નહિ અને **જેને અવગુણ લીધાનો સ્વભાવ હોય તેની તો આસુરી બુદ્ધિ થઈ જાય છે."** - વચ. પ્ર.૩૧

**ભગવાનના ભક્તમાં જો કોઈક સ્વાભાવિક અલ્પદોષ હોય તોપણ તે જોવા નહિ અને એ દોષ જો પોતામાં હોય તો તેને ટાળ્યાનો ઉપાય કરવો, પણ ભગવાનના ભક્તમાં એ જાતનો દોષ હોય તોપણ એ હરિજનનો અવગુણ લેવો નહીં.** -વચ. અં.૨૧

આમ, મોટા પુરુષની સ્વાભાવિક બાબતને સહજ લઈ તેમની આધ્યાત્મિક ઊંચાઈનો મહિમા તથા તેમાં હેત, વિશ્વાસ જાળવી રાખીએ તો આપણા સર્વે દોષ ટળે અને દિવ્ય ગુણો મળે.

> **જેને અવગુણ લીધાનો સ્વભાવ હોય તેની તો આસુરી બુદ્ધિ થઈ જાય છે.**
> – વચ. પ્ર.૩૧

મળેલાનો કાયમી મહિમા જાળવી રાખવા હજુ એક ત્રીજી બાબતની પણ જરૂર છે.

૩. જે મહિમાવાળા, ગુણગ્રાહી અને બીજાનું સારું જ બોલતા હોય તેનો અતિ પ્રેમથી સંગ કરવો, પણ જે પોતે સત્સંગમાંથી પાછા પડી ગયા હોય અને બીજાનું નેગેટિવ બોલ્યા કરતા હોય તેનો સંગ કદી ન જ રાખવો.

કદાચ કોઈ આપણી દુઃખતી નસને દબાવી યુક્તિપૂર્વક બીજાના અવગુણ બતાવવાની ટ્રાય કરે તોપણ નિર્વિઘ્ન પ્રભુને પામી જવું હોય તો મોટાનો અવગુણ કદી ન જ આવવા દેવો. આ માટે પણ સ્વયં શ્રીહરિએ આપણને ચેતવ્યા છે - "અમે તથા સંત તે જેને કચવાણા હોઈએ ને વઢીને તિરસ્કાર કરીને બહાર કાઢી મૂક્યો હોય ને તે પાસે કોઈ એકડમલ વિમુખ જેવો આવીને સંતનો અથવા અમારો અવગુણ કહેવા લાગે ત્યારે તેની આગળ એમ કહે જે, **'હું તો એનો વેચાણ છું ને મારા કટકા કરી નાંખે તોપણ મારે એમનો અવગુણ ન આવે, એ તો મારા કલ્યાણના કરતલ છે."** - વચ.લો.૬

આવી રીતે સ્વભાવ-પ્રકૃતિને સહજ ગણી, અલૌકિક ઊંચાઈને યથાર્થ ઓળખી, મોટાનો મહિમા હંમેશાં વધારતા રહીએ, ભેગા રહેવા છતાં હેત, વિશ્વાસ અને હિતકારીપણું જાળવી રાખીએ તથા જેના સંગે મોટાનો મહિમા વધે તેનો દિલથી સમાગમ રાખીએ. વળી, જેના યોગે આપણને મહિમા કે ભાવ ઘટે એમ હોય તેવાને ઓળખી, તેનાથી છેટા જ રહીએ તો આપણને સર્વોત્તમ પ્રાપ્તિ કરવામાં કાંઈ જ બાકી ન રહે.

હે મહારાજ ! મારા જીવનમાં ત્રણેય ઉપાયો આત્મસાત્ થાય એવી કૃપા કરશો... ●●●



# બંધનમુક્ત

લેખક : સાધુ કૃષ્ણપ્રિયદાસ    ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક પ્રતાપી મહાત્મા હતા. તેમને એક શિષ્ય હતો. બંને ગામડાઓમાં ફરે .જ્યાં જાય ત્યાં ગામની બહાર ઉતારો કરે. શિષ્ય ભિક્ષા લાવે તે બંને જમે. જમતી વખતે શિષ્ય ગુરુને ગામના સમાચાર આપે.

શિષ્યને સહુ પૂછે, 'તમારા ગુરુ કોણ ?' ત્યારે શિષ્ય કહે, 'મારા ગુરુ બધાની મુશ્કેલી દૂર કરે એવા ખૂબ જ મહાન છે.'

ગામલોકોને જે કાંઈ મુશ્કેલી હોય તે શિષ્યને કહે. શિષ્ય ગુરુ પાસેથી ઉત્તર સાંભળીને લોકોને કહે. તેથી લોકોને શાંતિ થાય.

એકવાર શિષ્ય એક શેઠના ઘેર ભિક્ષા માગવા ગયો. તેમના ઘરમાં એક પાળેલો પોપટ હતો. શેઠ ભિક્ષાની વ્યવસ્થા માટે ઘરમાં ગયા, ત્યારે પોપટે શિષ્યને કહ્યું, 'તમારા ગુરુ મને આ પીંજરાના બંધનથી છોડાવશે ?' શિષ્યે કહ્યું, 'હા... હા, એ તો ગમે તેનું બંધન તોડે એવા સમર્થ છે. તને બંધનમુક્ત કરવાનો ઉપાય હું ગુરુ પાસેથી જાણીને આવતીકાલે કહીશ.'

શિષ્યે ઉતારે આવી ગુરુને કહ્યું, 'આજે કોઈ મનુષ્યનો પ્રશ્ન નથી, પરંતુ એક પોપટ શેઠને ત્યાં પાંજરામાં છે, તેણે બંધનથી છૂટવાનો ઉપાય પૂછાવ્યો છે.'

શિષ્યની વાત સાંભળીને ગુરુ તો અચેતન જેવા થઈને ચત્તાપાટ પડી ગયા. શિષ્ય તો એકદમ ગભરાઈ ગયો. ગુરુને અચાનક આ શું થઈ ગયું ? તે ગુરુની સારવાર કરવા લાગ્યો. ગુરુને હવા નાંખવા લાગ્યો. ઘણી વાર એમ અચેતન પડી રહ્યા પછી ગુરુ જાગ્યા. ગુરુની સાથે વાત કરવા જેટલી હિંમત પણ શિષ્યની ન રહી. એની એ જ વાત ફરી પૂછવા જાય ને ફરી કાંઈક ગુરુને થઈ જાય તો ! એમ સમજીને ગુરુને આરામ કરવા દીધો.

બીજે દિવસે શિષ્ય ભિક્ષાર્થે શેઠના ઘરે આવ્યો. પોપટે તેને બોલાવીને પૂછ્યું, 'મારા પ્રશ્નનો ઉત્તર લાવ્યા ?'

શિષ્ય કહે, 'એ વાત જવા દે, તારી વાત મેં ગુરુને કરી તો તેમને વસમું લાગી ગયું. તે અચેતન થઈને જમીન ઉપર ચત્તાપાટ પડી ગયા, માંડમાંડ સારા થયા.'

વાત સાંભળીને પોપટ બોલ્યો, 'વાહ ! ગુરુદેવે ખૂબ જ કરુણા કરી, મને સમજાઈ ગયું.'

શિષ્યને કાંઈ જ સમજાયું નહી, તે તો ભિક્ષા લઈને ગયો.

થોડીવારમાં પોપટને ખાવાનું આપવા આવતા શેઠાણીને દૂરથી જોઈને પોપટ પાંજરાના હીંચકા ઉપરથી નીચે  ચત્તોપાટ પડી ગયો. શેઠાણીને થયું કે, 'પોપટને કાંઈક થયું છે. હાલતો-ચાલતો નથી. મરી ગયો લાગે છે.'

શેઠાણીએ શેઠને બતાવ્યું. તેમને પણ લાગ્યું કે પોપટ મરી ગયો છે. તેમણે નોકરને કહ્યું, 'આપણો પોપટ મરી ગયો છે, માટે તું આને ગામબહાર નાંખી આવ.'

પોપટને કપડામાં મૂકીને નોકર તેને ગામબહાર નાંખી આવ્યો. થોડીવારે પોપટ સ્વસ્થ થઈને ઊડીને ઝાડ ઉપર બેસી ગયો અને બંધનથી મુક્ત કરવા બદલ મનમાં સંતનો ખૂબ જ આભાર માનવા લાગ્યો.

વહાલા ભક્તો ! આપણે પણ જનમો જનમથી માયાના બંધનમાં બંધાયા છીએ. જો આનાથી છૂટવું હોય તો કોઈ નિર્બંધ સંતનું શરણું લઈ તેમની આજ્ઞા પ્રમાણે જો ભગવાન ભજી લઈએ તો કામ થઈ જાય.



"પ્રેરક પ્રસંગ"

# આ કરુણાને ક્યારેય યાદ કરીએ છીએ ?

લેખક : સાધુ સાકારસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

સિત્તેર વર્ષના એક દાદાને શ્વાસ લેવાની થોડી તકલીફ થવા લાગી. ડોક્ટર પાસે ગયા. ડોક્ટરે તપાસ કરીને કહ્યું : "દાદા, તમને ઓક્સિજન ઓછો મળે છે. થોડા દિવસ દવાખાને રહેવું પડશે."

દાદા દવાખાને દાખલ થયા. ડોક્ટરે ટ્રીટમેન્ટ ચાલુ કરી. જ્યાં સુધી ટ્રીટમેન્ટ ચાલી ત્યાં સુધી તેમને એક્સ્ટ્રા ઓક્સિજન આપવામાં આવતો. દાદા થોડા દિવસમાં સાજા થયા. ઓક્સિજન પૂરો મળવા લાગ્યો. હવે કોઈ ચિંતા ન હતી.

દવાખાનેથી વિદાય લેતાં ડોક્ટરે દાદાને બિલ આપ્યું. બિલ વાંચીને દાદા રડવા લાગ્યા. ડોક્ટરે કહ્યું : "દાદા, ચિંતા ન કરો. બિલ વધારે લાગતું હોય તો હું થોડું ડિસ્કાઉન્ટ આપીશ."

દાદાએ ડોક્ટર સામું જોઈને કહ્યું : "ડોક્ટર સાહેબ, હું બિલની રકમ વાંચીને નથી રડતો, પરંતુ મારા પ્રભુની કરુણા યાદ આવે છે એટલે રડવું આવે છે. ભગવાને સિત્તેર સિત્તેર વર્ષ સુધી સાવ મફતમાં મને ઓક્સિજન પૂરો પાડ્યો. એણે એક પણ પૈસો મારી પાસેથી નથી લીધો. આજ એમની કિંમત મને સમજાય છે. તે કિંમત ચૂકવવા મારી પાસે કાંઈ નથી." એમ કહેતાં ફરી તેમની આંખોમાં આંસુ આવી ગયાં. ડોક્ટર તો દાદાની સામે જોઈ જ રહ્યા.

વહાલા ભક્તો ! નાની એવી આ વાર્તા આપણને ઘણું કહી જાય છે. ભગવાને આપણને જે જે આપ્યું છે તેનો ક્યારેય વિચાર કર્યો છે ? જેના વિના જીવન જીવવું મુશ્કેલ છે એવાં પાણી, હવા, ખોરાક વગેરે ભગવાન સાવ મફતમાં આપે છે. એની કોઈ કિંમત આપણે ચૂકવીએ છીએ ? ભગવાને જે જે આપ્યું છે એમની એ કરુણાને ક્યારેય યાદ કરીએ છીએ ?

આધ્યાત્મિક દૃષ્ટિએ વિચારીએ તો ભગવાને કેવળ કરુણા કરી મનુષ્યદેહ આપ્યો. વળી આ દિવ્ય સત્સંગમાં સંતો-ભક્તોનો યોગ આપ્યો, એમની ઓળખાણ કરાવી; પણ મહિમા નથી એટલે તેની કિંમત સમજાતી નથી. જેમ પેલા દાદાને જે દિવસ ઓક્સિજનનો મહિમા સમજાયો તે દિવસ વગર વિચાર્યે ભગવાનની કરુણા યાદ આવી ને રડવું આવી ગયું; તેમ આપણને પણ ભગવાને આપેલી આ દિવ્ય વસ્તુનો મહિમા સમજાશે તેદિ આપણને પણ દાદા જેવું જ થશે. બસ, જરૂર છે ભગવાને કરેલી કરુણા અને ઉપકારોને યાદ કરવાની.... જય સ્વામિનારાયણ.



# દાદા ખાચરને સમાધિમાં આશ્ચર્ય દેખાડ્યું

લેખક : સાધુ પ્રસન્નવદનદાસ     ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક સમયે મહારાજ દાદા ખાચરના દરબારમાં બિરાજમાન હતા. મહારાજે કહ્યું, "ચાલો આપણે રાધાવાવ જઈએ." પછી મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામી સહિત રાધાવાવે પધાર્યા; તે વાવથી ઉગમણી તરફ ધોરિયાને કાંઠે એક આંબા તળે મંચ ઉપર આસન નાંખીને બિરાજમાન થયા. થોડીવાર થઈ ત્યારે સચ્ચિદાનંદ સ્વામી ચાર કાચી કેરી લાવ્યા. તે મહારાજ આગળ અર્પણ કરી. ત્યારે મહારાજે કહ્યું જે, "કેરીને ધોઈને સુધારો." પછી સ્વામીએ તે કેરી ધોઈને સુધારીને અંદર મીઠું નાખીને નિચોવીને પાણીની ખટાઈ કાઢી નાખી. પછી મહારાજ આગળ ધરી. ત્યારે મહારાજે કહ્યું જે, "આમાં ગળપણ હોય તો ઠીક." ત્યારે ગળપણ લેવા સારુ માણસ મોકલ્યું. દરબારમાંથી ગળપણ લઈને તે માણસ આવ્યું, એટલે તે સુધારેલ કેરીમાં ગળપણ મેળવ્યું ને મહારાજ લગારેક જમ્યા.

મહારાજ જમીને બોલ્યા જે, "આ તો દાદો ખાચર જમે એવી છે." એમ કહીને દાદા ખાચરને બોલાવ્યા. તે માણસ તેડવા ગયું, એટલે દરબારમાંથી દાદો ખાચર ઉતાવળા ઉતાવળા આવ્યા. મહારાજ કહે, "દાદા ! આ તમારે જમવા જેવો મુરબ્બો છે." ત્યારે દાદા ખાચરે કહ્યું જે, "હા મહારાજ ! મારે ખટાઈ ઉપર રુચિ છે." ત્યારે મહારાજ જમતા જાય ને દાદા ખાચરને જમાડતા જાય. તે ચાર કેરીનો મુરબ્બો આવી રીતે જમ્યા.

જમીને થોડીવાર થઈ ત્યાં મહારાજને જમવાનો થાળ આવ્યો. તે મહારાજ જમવા બિરાજ્યા ને જમતાં જમતાં દાદા ખાચરને જમાડ્યા. ને મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ચૈતન્યાનંદ સ્વામી એ બધાને પ્રસાદી આપતા જાય અને જમતા જાય. એ રીતે મહારાજ સારી પેઠે જમ્યા. જમીને ચળું કરીને કોગળા કરીને મુખવાસ જમ્યા. તે પછી મંચ ઉપર એક ઘડી બિરાજ્યા. તે સમયે થોડા માણસને લીધે મહારાજને બહુ સુખ આવ્યું. પછી મહારાજ મંચ ઉપર પોઢ્યા.

તે સમયે દાદા ખાચર મહારાજનાં ચરણારવિંદ દાબતા હતા, તે મહારાજને નિદ્રા આવી ગઈ. ને દાદા ખાચરનું માથું નિદ્રાને લીધે નમીને મહારાજનાં ચરણારવિંદને અડ્યું; એટલે દાદા ખાચરને નિદ્રામાં પ્રકાશ દેખાયો. તે પ્રકાશમાં ચાર સ્તંભ દેખાયા. તે સ્તંભ બહુ શોભાયમાન ને તેજોમય, દિવ્ય તથા રત્ને

જડિત મણિમય; એવા તે સ્તંભ વચ્ચે એક એવું મોટું સિંહાસન દેખાયું કે જેની ઉપમા ન દેવાય, એવું મહાસુખમય સિંહાસન દેખાયું. ને તે સિંહાસન ઉપર સુંદર રૂપાળું મખમલનું ગાદલું. તે ઉપર મહારાજ દિવ્ય મૂર્તિ વિરાજમાન દેખાયા. ને બહુ શોભા ને એક એક રોમને વિશે કોટી કોટી સૂર્યનું તેજ ને શીતલતા ને સુંગધીપણું એવી અલૌકિક શોભાએ જુક્ત મહારાજનાં દર્શન થયાં. ને તે ભેળા અનંત અક્ષરમુક્ત તે ઘણી શોભાએ જુક્ત દેખાયા ને તે ભેળાં બાઈઓ પણ બહુ રૂપે યુક્ત દેખાયાં. તેમાં કોઈ ચતુર્ભુજ ને કોઈ અષ્ટભુજ ને કોઈ સહસ્ત્રભુજ રૂપે દેખાયાં. ને એક આંબો પણ સારી શાખાએ જુક્ત ને શોભાયમાન કેરીએ યુક્ત મહાસુગંધીમાન; એ રીતે સર્વેએ સહિત મહારાજની મૂર્તિ દેખાઈ. જેથી દાદા ખાચરને બહુ સુખ આવ્યું.

પછી જ્યારે અંતરવૃત્તિ થઈ ત્યારે ફક્ત મહારાજની મૂર્તિ દેખાઈ ને બીજું કશું ન દેખાયું; એવું બે ઘડી દિવસ રહ્યો ત્યાં સુધી દાદા ખાચરને દેખાયું. પછી મહારાજ પોઢ્યા હતા, તે જાગીને કોગળો કર્યો ને પછી જળપાન કર્યું. ને પછી દાદા ખાચરને જગાડ્યા. પછી મહારાજે દાદા ખાચરને પૂછ્યું જે, “તમને કાંઈ દેખાયું ?” ત્યારે તેમણે કહ્યું જે, “હા મહારાજ !” પછી દાદા ખાચરે જે આગળ લખ્યું છે તે પ્રમાણે પોતાને દેખવામાં આવ્યાની વાત મહારાજને કહી દેખાડી.

એટલે મહારાજે કહ્યું જે, **“મારો જન્મ છે ત્યાં તમારો જન્મ છે ને અમે છઈએ ત્યાં તમે છો. જેમ તમને અક્ષરધામને વિશે અમે દેખાયા તેમ તમે પણ ત્યાં છો. અને અમે આંહીં છઈએ તો તમે પણ આંહીં છો; આવી રીતે તમે સમજતા નથી તેટલા સારુ આ કહી એ વાત તમને દેખાઈ.”** ત્યારે દાદા ખાચરે હાથ જોડીને કહ્યું જે, “મહારાજ ! તમે કહ્યું તેમ નથી સમજાતું. હવે આજથી એ રીતે સમજીશું.” એ રીતે વાત પૂરી થઈ રહી. એટલામાં સચ્ચિદાનંદ સ્વામી આઠ પાકી કેરી લઈને આવ્યા. તે મહારાજની આગળ મૂકી. ત્યારે મહારાજે કહ્યું જે, “આ કેરી સુધારો.”

ત્યારે ભગુજી કેરીની ચીરીઓ કરીને લાવ્યા. તે મહારાજ અડધી ચીર જમતા જાય ને જમેલી અડધી ચીર દાદા ખાચરને આપતા જાય. એ રીતે ચાર કેરી મહારાજ જમ્યા ને ચાર કેરી દાદા ખાચરને જમાડી. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું જે, “બાપ-દીકરો બે જમ્યા પણ બીજા કોઈને ન આપી; માટે પંક્તિભેદ થયો. તે પંક્તિભેદનો બહુ દોષ કહ્યો છે.” એમ બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું. ત્યારે મહારાજે કહ્યું જે, ‘અમે પંક્તિભેદ નથી કર્યો, આ ગોટલાં રાખ્યાં છે.’ એમ કહીને ત્રણ ગોટલાં બ્રહ્માનંદ સ્વામીને આપ્યાં ને ત્રણ ગોટલાં નિત્યાનંદ સ્વામીને આપ્યાં. ને બે ગોટલિયું ચૈતન્યાનંદ સ્વામીને આપી અને કહ્યું જે, “મુક્તાનંદ સ્વામી અમારા ગુરુ છે માટે એમને નહિ આપીએ.”

એમ કહીને મહારાજ ઘોડીએ અસવાર થયા ને દાદા ખાચર ને સાધુ ગાડીમાં બેઠા. તે માર્ગમાં આવતાં સાધુએ દાદા ખાચરને પૂછ્યું જે, “તમે છાની-છાની મહારાજની સાથે શી વાત કરી ?” ત્યારે દાદા ખાચરે પોતાને જે સ્વપ્નમાં દેખાયું હતું તે કહી દેખાડ્યું. તે વાત સાંભળીને સાધુ બહુ રાજી થયા. પછી મહારાજ દરબારમાં પધાર્યા.

વહાલા ભક્તો ! ભક્તવત્સલ ભગવાન શ્રીસ્વામિનારાયણ પોતાના વહાલા ભક્તોને કેવા લાડ લડાવે છે ! જો આપણે પણ દાદા ખાચર જેવા વિશ્વાસી અને સર્વસ્વનું સમર્પણ ભગવાન અર્થે કરીએ, તો ભગવાન આપણને પણ આવા લાડ લડાવે ને પોતાની મૂર્તિનું મહાસુખ આપે. ●●●

# FREEZE

લેખક : સાધુ સંકીર્તનદાસ    ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

યુરોપના કોઈ એક દેશમાં એક સાયન્ટિસ્ટ રહેતા. જેનું નામ હતું : "હેરી". વર્ષોની મહામહેનતને અંતે તેમણે પોતાના પરિવારજનોને અને સમગ્ર માનવજાતને ઉપયોગી થાય તેવા એક ROBOTની શોધ કરી. આ ROBOTને AGI ટેક્નોલોજિના માધ્યમે તેમણે એવી રીતે TRAIN કર્યો, જેથી તે સર્વની સર્વ પ્રકારે સેવા કરી રાજી કરી શકે. પોતાના આ નૂતન આવિષ્કારને લોકો સમક્ષ LAUNCH કરતા પહેલાં તેમણે પોતાના પરિવારમાં તેનો અખતરો કરવા વિચાર્યું. તમામ પરિવારજનોને પોતાના આ નૂતન આવિષ્કારથી વાકેફ કરી તેની વિશેષતા અને ઉપયોગિતા સમજાવતાં તેમણે કહ્યું કે, આ ફક્ત ROBOT નથી; હવેથી આ આપણો ફેમિલી મેમ્બર પણ છે. અને આનું નામ મેં GOOD MAN રાખ્યું છે; પણ આપણે પ્રેમથી તેને જીમેન(GMAN) કહીને બોલાવશું તોપણ તે સમજી જશે.

પણ હા, જ્યાં સુધી હું ન કહું ત્યાં સુધી આપણામાંથી કોઈએ જીમેન વિષે કોઈ બહારના વ્યક્તિને વાત કરવાની નથી અને બહારની ખરીદી કે ડ્રાઇવિંગ જેવાં કામ પણ જીમેન પાસે કરાવવાનાં નથી. વળી, મેં તેને આપ સૌનાં નામ, રુચિ અને સ્વભાવ વિષે પણ ઓલરેડી TRAINING આપી દીધેલી છે. આટલું કહેતાં જ જીમેને હેરીના પિતા, પત્ની અને બંને બાળકોનાં નામ કહી તેમને HELLO કર્યું. સૌએ ખુશી સાથે આ નવા સભ્યને સ્વીકારી લીધો.




જીમેન પણ હેરીએ નાંખેલા ડેટા પ્રમાણે અને આપેલી ટ્રેનિંગ પ્રમાણે સૌને ફિઝિકલી અને મેન્ટલી હેલ્પફૂલ થવા લાગ્યો. સવારથી ઘરનાં નાનાં-મોટાં કામ સમયસર જીમેન પતાવી દેતો. વળી, પત્નીને રસોઈમાં પણ મદદ કરી ઘણી ફ્રી રાખતો. દાદાને રોજ મસાજ અને એક્સરસાઇઝ કરાવતો. તેમજ બાળકોને પણ ભણવામાં ખૂબ મદદ કરી સાથે સાથે એન્ટરટેઇન પણ કરાવતો. સૌ તેનાથી ખૂબ જ ખુશ હતા. પરિવારજનોનો આનંદ જોઈ હેરી પણ અત્યંત ખુશ હતા. ત્રણ મહિનામાં જીમેનની એક પણ વાર એક પણ કમ્પ્લેઇન ન સાંભળતાં તેમણે વિચાર્યું કે મારી મહેનત સફળ છે. મારી આ ભેટ દુનિયા માટે ખૂબ જ લાભદાયી નીવડશે. હવે આને મારે લોન્ચ કરી દેવી જોઈએ. આ વિચાર સાથે હેરી

પોતાની આ પ્રોડક્ટની ડીલ માટે એક વિશ્વ ફેમસ કંપનીના CEOને મળવા ત્રણ દિવસ માટે આઉટસ્ટેટ ગયા.

બીજી બાજુ બીજા દિવસની સંધ્યાથી જ જીમેન ધીરેધીરે બીમેન(BAD MAN)નું રૂપ લેવા લાગ્યો. હેરીના પત્નીએ જમતાં જમતાં સૂપ માંગ્યું  તો તેણે માથે રેડ્યું, વિંટર હોવા છતાં તેણે રાત્રે હીટર ઓફ કરી દીધું, સૌના મોબાઇલ સ્વીચઓફ કરી સંતાડી દીધા. વળી બાળકોના રૂમમાં જઈ વિચિત્ર અવાજો કાઢી ડરાવવા લાગ્યો, અને ત્રીજા દિવસે તો તેણે ઘણી તોડફોડ ચાલું કરી દીધી. સૌને આશ્ચર્ય હતું કે એવું તે શું બન્યું કે જીમેન અચનાક બીમેન બની ગયો ! સૌએ તેને STOP જીમેન, YOU ARE DOING WRONG, YOU BECAME BAD MAN  આવું તેવું કહી અટકાવવા ઘણી કોશિશ કરી, પણ તે તેના પ્રત્યુત્તરમાં ઉદ્ધત જવાબો જ આપતો. કોઈની પાસે તેના ફંક્શન સ્ટોપ કરવાનો કી-વર્ડ ન હતો. સૌ હેરાન-પરેશાન થઈ ગયા અને હેરીના આવવાની રાહ જોવા લાગ્યા.

જ્યારે ત્રીજા દિવસે સાંજે હેરી ઘરમાં પ્રવેશ કરે છે ત્યાં તો તેને ઘરની દશા કંઈક અલગ જ જોવા મળી. પાછલા પંદર કલાકમાં જીમેને ઘણા ગેજેટ્સ અને ઘણું ફર્નિચર તોડી નાખ્યું હતું. તરત જ પરિસ્થિતિને પામતાં પરિવારજનો કાંઈ કહે તે પહેલાં તેણે જીમેન પાસે જઈ કહ્યું, "FREEZE...." આ કી-વર્ડ સાથે જ જીમેનના તમામ ફંક્શન ડિસેબલ થઈ ગયા. ત્યારબાદ બે દિવસમાં તેના ફંક્શનો રીસેટ કરી હેરીએ પરિવારજનોને બોલાવી પૂછ્યું કે મારા ગયા પછી કોઈ બહારના વ્યક્તિ સાથે જીમેન એકલો મળ્યો હતો ? ત્યારે નાનકડી એલિયા બોલી : ‘હા પપ્પા. ગઈકાલે બપોરે મમ્મી જ્યારે શોપિંગ કરવા ગયાં હતાં ત્યારે પીટર અંકલ આવ્યા હતા. તેમણે લગભગ એક કલાક જીમેન સાથે વાતો કરી હતી. અને તે વખતે દાદાજી પણ આરામમાં હતા.’

હેરીને તમામ વાતનો અંદાજ આવી ગયો. તેણે સૌને વાકેફ કરતાં કહ્યું, એ પીટર ફક્ત મારો કોમ્પિટીટર જ નહિ, પણ મોટો ચીટર પણ છે. તેણે જ જીમેનની મેમરીમાં એવા વાયરસ નાખ્યા હતા જેથી તે સપોર્ટ કરવાને બદલે સામો થતો હતો; પણ હવે તેવું નહિ બને. મેં હવે જીમેનમાં તેનું પ્રોટેક્ટર નાંખી દીધું છે.

વહાલા ભક્તો, આપણે પણ સુપ્રીમ સાયન્ટિસ્ટ હરિના બનાવેલા જીમેન જ છીએ. વહાલા મહારાજે શાસ્ત્રોરૂપે, સંતો-ભક્તોરૂપે રહી આપણે સૌની સેવા કરી રાજી કરી શકીએ તેવું ઘણું ઘણું શીખવાડ્યું છે; પણ જો આપણે પીટર જેવા કોઈ ચેતન કે જડ ચીટરની ઝપટમાં આવી જઈએ અને એ આપણામાં અભાવ, ઈર્ષ્યા, કપટ, લોભ, કામ વગેરેના વાયરસ નાખી જાય, તો આપણે જેને રાજી કરવા ઇચ્છતા હોઈએ તેની જ સામા થવા લાગીએ, તેનો જ દ્રોહ કરી બેસીએ, તેનાથી જ દૂરી ઇચ્છવા લાગીએ અને સંતો-ભક્તોરૂપી આપણા પરિવારજનો આપણને ઘણી વાર STOP, STOP કહે તોપણ અટકી ન શકીએ.

પણ હા, આવા સંજોગોમાં પણ કોઈ એક એવું પાત્ર હોય જે આપણને કહી શકે "FREEZE".... અને તેમનામાં આપણને મન, બુદ્ધિ પરનો અડગ વિશ્વાસ હોય, સ્વીકાર હોય અને તેમનું માની જો અટકી જઈએ, તો તેઓ  જ આપણામાં રહેલી ખામીને દૂર કરી આપણને વધુ સ્ટ્રોંગ બનાવી શકે. આપણને સૌના કૃપાપાત્ર બનાવી શકે. જરૂર છે ફક્ત આપણો કી કમાન્ડ હરિના અથવા હરિના કોઈ લાડીલાના હાથમાં હોવો જોઈએ.●●●

# સફળતામાં સાવધ રહો...

લેખક : સાધુ આત્મીયસ્વરૂપદાસ    ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

HSC બોર્ડની એક્ઝામ બાદ થોડા દિવસ પછી રીઝલ્ટની ડેટ આવી. હાઇસ્કૂલમાં સૌ વિદ્યાર્થી રીઝલ્ટ લેવા હાજર થયા. રીઝલ્ટ વિતરણ બાદ પ્રિન્સિપાલ સાહેબે આનંદિત ચહેરે જાહેરાત કરવા માંડી... વહાલા વિદ્યાર્થી ભાઈઓ-બહેનો ! આપણી સ્કૂલના એક ચમકતા સિતારાએ આ વખતે બહુ મોટી જ્વલંત સફળતા મેળવી છે. અને મને કહેતાં આનંદ થશે કે, તે માત્ર આપણી સ્કૂલમાં જ નહિ, પરંતુ સમગ્ર ઇન્ડિયા લેવલે ફર્સ્ટ આવ્યો છે. એ યશસ્વી વિદ્યાર્થી છે... આપણો લાડલો ‘ધ્યેય’. વાત સાંભળતાં જ સૌએ તેને તાળીથી વધાવી લીધો.

સૌ કોઈ ધ્યેય ભણી જોવા લાગ્યા, પણ આ તે કેવું આશ્ચર્ય ! ધ્યેયના મુખ પર વિશેષ ખુશીના કોઈ જ ભાવો ન જણાયા. થોડીવાર બાદ તેણે સ્થિરતા સાથે સ્માઇલ તો આપી દીધી, પણ તેની આર્ટીફિશિયલ સ્માઇલની કેટલાક સુજ્ઞજનોને નોંધ આવી ગઈ. પ્રિન્સિપાલ સાહેબે પોતાની વાત આગળ વધારતાં કહ્યું, “વિદ્યાર્થી મિત્રો ! જેણે આપણી સ્કૂલને ગૌરવ અપાવ્યું છે, એવા ધ્યેયના સન્માન માટે આવતા શનિવારે સ્કૂલમાં એક ફંક્શન યોજાશે. જેમાં પુરસ્કાર સાથે તેને સન્માનિત કરવામાં આવશે. આ પ્રસંગે સૌએ અવશ્ય હાજરી આપવી.” આટલી જાહેરાતના અંતે સૌ છૂટા પડ્યા.

આ બાજુ ધ્યેયના કેટલાક સત્સંગી મિત્રો ધ્યેયને ઘેરી વળ્યા. શું યાર ધ્યેય ! આવી ખુશીના સમયે તું કેમ આવો મુડલેશ ! શું વાત છે ? ધ્યેયના મૌન સેવવાથી તેનો મિત્ર સંયમ બોલ્યો, “ધ્યેય ! આનાથી તો આપણા ઇષ્ટદેવ, ગુરુદેવ અને તારા મમ્મી-પપ્પાનું પણ ગૌરવ વધ્યું છે. તેમ છતા તારું મુખ ન ચમકે એ કેવું ! દર્શિક પણ થોડા હાસ્ય સાથે ટમકું મૂક્યું, “ધ્યેયને વર્લ્ડ ફસ્ટ આવવું હોય ને ઇન્ડિયા લેવલે અટકી ગયો એનું તેને દુઃખ તો હોય જ ને !”

આમ મિત્રોએ અવનવી સાઇડથી પ્રયત્નો કરી જોયા. પરંતુ ધીરગંભીર એવો ધ્યેય હજુ સુધી મૌન છે. છેવટે સૌ શાંત થયા એટલે આંખો બંધ કરતાં ધીરે રહીને બોલવા લાગ્યો... “પરમ પ્રાપ્તિરૂપ ધ્યેય સુધી પહોંચ્યા પહેલાંની આ ધ્યેયની ખુશી ધ્યેયસિદ્ધિ માટે વિઘ્નરૂપ છે.” આ વિચારથી મને એ પ્રસંગમાં કાંઈ ખુશ થવા જેવું લાગ્યું નહિ. ઉલટાનું... ધ્યેય આગળ બોલે એ પહેલા રવિએ વચ્ચે બોલવા માંડ્યું, ધ્યેય ! આવા ફંક્શનમાં તું ખુશ હો એ તો તારી સમજણની બલિહારી પણ મુડલેશ હો એ કેવું ?

રવિની વાતના અનુસંધાને ધ્યેય બોલવા લાગ્યો, સાંભળ રવિ ! મારે તો ઘણું ખુશ રહેવું છે પણ અંદરથી ભય લાગે છે. ભય ? હા, હું બહુ ડરું છું. તું જાણે છે કે સ્કૂલમાં તમામ શિક્ષકોનો હું માનીતો. વિદ્યાર્થીઓની પણ મારા ઉપર મીઠી નજર, વળી સત્સંગમાં પણ સંતો-ભક્તો મારા ઉપર ખૂબ રાજી. આમ બધેથી બધા પ્રકારનો રાજીપો તો મને મળે છે, પરંતુ એની સાથોસાથ મળનાર આ માન-સન્માન... રખે એ બધામાં હું ફસાઈ ન જાવ ! માન-મોટપ મળતા મારો મુખ્ય ધ્યેય ફંટાઈને ગૌણ પક્ષની સાઇડ પેદાશ મેળવવાનો બની ન જાય ! રવિ, હું તેનાથી બહુ ડરું છું. અને હા, સત્સંગની પક્વતા બાદ હમણાં ૫-૭ વર્ષથી તો માન-સન્માનનો યોગ મને ઊંડો ઉતારી દે છે.

ધ્યેય પોતાના પ્રસંગને આનુસંગિક વાતો કર્યે જતો હતો... જો હું આ આવી પડેલ સફળતા, માન-સન્માન કે વખાણના પ્રસંગમાં સાવધ ન રહું ને તેની ખુશીમાં ભાન ભૂલી જાઉં તો... એ ભોગવાઈ ગયેલું સુખ જ મને ધ્યેયભ્રષ્ટ કરી નાંખે. મારા સદ્‌ગુણરૂપ સર્વે આભૂષણ પણ મારા માટે ડેરારૂપ બની જાય. એ સમયે મારી સૂઝબૂઝ, મહેનત, ગુણો વગેરે મને યાદ આવે તો તેનું ઝેર ચડ્યા વગર ન રહે. એટલે જ હું મનોમન મારી સફળતાના મૂળને વિચારી મારી દવા કરી રહ્યો હતો. તે દરમ્યાન હું

મારી બાહ્ય ખુશીને હાજર રહેવા ઘણું સમજાવતો હતો પણ...

મિત્રો ! વડનગરના ઈશ્વરચરણ સ્વામીના ૫ જન્મની કથા યાદ કરું; પ્રભુપ્રાપ્તિ પહેલાની અન્ય માયાજન્ય પ્રાપ્તિમાં ફસાઈ જતાં તેમને કેવું મોટું વિઘ્ન થયું ! વળી, પ્રભુ પામવાના ધ્યેય સાથે મંડેલા મગ્નીરામ પોતાનો ટ્રેક ચૂકી ગયા તો તેમની કેવી દશા થઈ ! ઋષભદેવ ભગવાનના પુત્ર ભરતજીને પણ થોડીક જ શરતચૂક થઈ જતાં તેમને કેવું ભયંકર પરિણામ ભોગવવું પડ્યું ! આ બધી વાત વિચારતાં ભલભલાને બીક લાગે જ તો. અને હા, પ્રિન્સિપાલ સાહેબની છેલ્લી જાહેરાતને પચાવવા તો મારે ઘણાક સંતો-ભક્તોને મળી તેમની પાસેથી સમળી સૂતર મેળવવું પડશે.

સહુ મિત્રો સમજાય કે ન સમજાય; કાન દઈને ધ્યેયને સાંભળતા હતા. ને ધ્યેય પોતાને જે વાત સ્પર્શી છે તે અંગે બોલ્યે જાય છે... પૂ.ગુરુજીએ રવિસભામાં કરેલી વિશ્વામિત્રના આખ્યાનની વાતથી આ માર્ગમાં ઘણી સાવધાની મળે છે. અને સદ્. આનંદાનંદ સ્વામીની વાત તો મારા માટે પથદર્શક બની રહે છે. અયોધ્યામાં મોટો આશ્રમ, ઘણાક શિષ્યો, સંપત્તિ, માન-મોટપ, પદ-પ્રતિષ્ઠા વગેરે અનેક પ્રલોભનોને ઠુકરાવીને પણ તેઓ પરમધ્યેયને પામી ગયા. વળી, અદ્‌ભુતાનંદ સ્વામી જેવા સંત પણ ધન-સ્ત્રી, માન-મોટપ વગેરે માયામાં ક્યાંય ન લેવાયા. આ બધી દિશાસૂચક વાતોથી મને તો એવું લાગ્યું કે, "ધ્યેયસિદ્ધિ માટે જેટલી નિષ્ફળતામાં સ્થિરતાની જરૂર છે એટલી જ સફળતામાં સ્થિરતાની જરૂર છે. કેમ જે, સફળતામાં આવતી સાઇડ ઈફેક્ટ આપણા ધ્યેયથી આપણને ઘણે દૂર ફેંકી દે છે..."

રવિએ કહ્યું, ભલા ધ્યેય ! આ બધી આધ્યાત્મિક ઊંચી વાતો તો... એ વાતોને આપણે ગૃહસ્થોએ... ધ્યેયે કહ્યું, સાંભળ રવિ ! આ જન્મે ભગવાનને પામવું જ હોય તો આપણે પણ એટલું જ સાવધાન રહેવું ઘટે. ભગવાન સિવાયનું બીજું મળતા ખુશ થવાય છે, જ્યાં સુધી તેમાં સુખ મનાય છે ત્યાં સુધી આપણા ધ્યેયમાં અશુદ્ધિ છે. માટે હું કઈ કઈ પ્રાપ્તિથી ખુશ, આનંદિત, તૃપ્ત થાઉં છું ? એ ચેક કરી લક્ષ્યશુદ્ધિ કરવી જોઈએ. ઘટાદાર આંબાનું વૃક્ષ હોય પણ તેને કેરીરૂપ ફળ ન પાકતું હોય તો એનાથી શું ? આપણી જરાક જેટલી સફળતામાં આપણે સંતુષ્ટ થઈને બેસી જઈએ તો ધ્યેય બહુ દૂર રહી જાય. વળી, આ ક્ષણે આપણો ધ્યેય કાંઈક સારો, ઊંચો હોય ને બીજી ક્ષણે પાછો બદલાઈ પણ જાય; માટે આપણે હરક્ષણે ધ્યેયને તપાસતા રહી તેને વળગેલા રહેવું અત્યંત જરૂરી છે.

સાંભળ રવિ, એક બીજી વાત... જે બાબત ખરા અર્થમાં ધ્યેય બની હોય એ જ સિદ્ધ થાય છે. માટે જે બાબત આપણે સુધારવી-કેળવવી હોય તે બાબત આપણો ધ્યેય બની જવી જોઈએ. આપણી શુદ્ધિ-વૃદ્ધિમાં સફળતા નથી મળતી તો આપણા ધ્યેયમાં જ બોદાશ-ઢીલાશ છે. ધ્યેય અંગેનો કોઈ મજબૂત ઠરાવ ન હોય - તેને પાર પાડવાની તીવ્રતા ન હોય અને પાછો તે આપણો ધ્યેય કહેવાતો હોય તો એ માત્ર આપણાં આંખમીચામણાં છે. ધ્યેયની પ્રાપ્તિ માટે આપણે પડકારરૂપ બાબતોથી પણ ઉપરવટ જઈ શકીએ ત્યારે જ આપણે ધ્યેય બાંધ્યો છે એવું કહી શકાય. ખરો ધ્યેયવાન અંતરાયને ગણકારે જ નહિ. નાના એવા આપત્કાળમાં ડાયવર્ઝન લઈને ધ્યેયને સાઇડ ઉપર કરી દેવામાં આવે તો એને ધ્યેય કેમ કહી શકાય ? આમ, ધ્યેયની આવી મુમુક્ષુતાથી ભરેલી ધ્યેયપુષ્ટીની વાતો સાંભળી સૌ મિત્રો ખૂબ રાજી થયા. અંતમાં આગામી શનિવારની તેની સમજને સાંભળવાનો નિશ્ચય કરી છૂટા પડ્યા.

વહાલા ભક્તો ! ધ્યેયના જીવનમાં વણાયેલી આ વાતો આપણને ધ્યેય પ્રત્યે સભાન કરનારી છે, પોષણ કરનારી છે, આપણા ધ્યેયમાં રહેલી અશુદ્ધિને દૂર કરનારી છે. જે વ્યક્તિ ધ્યેયના જેવી સાવધાની સાથે પોતાના ધ્યેયને વળગી રહે છે તે નિર્વિઘ્નપણે ધ્યેયપૂર્તિ કરી શકે છે. બાકી આપણા જેવાને તો ધ્યેય રક્ષક-પોષકપણે જિવાય છે કે ધ્યેયભક્ષકપણે; એ જ ખબર નથી હોતી. માટે ચાલો, પ્રસ્તુત લેખના માધ્યમે પરમાત્મપ્રાપ્તિના આપણા જીવનધ્યેયને મજબૂત બનાવી લઈએ... ●●●



# સત હરિભજન જગત સબ સપના

લેખક : સાધુ અનાદિસ્વરૂપદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક વખત જનક રાજાને સ્વપ્નું આવ્યું કે પોતા પાસે પૈસા નહોતા અને પોતાને સાત દી કાંઈ ખાવા ન મળ્યું. પછી તેઓ ખીચડીનું સદાવ્રત ચાલતું હતું ત્યાં ગયા. તેમની પાસે જમવાનું પાત્ર પણ ન હતું. પછી કુંભારને ઘેર ગયા ને માટીનું વાસણ માગ્યું. કુંભારે ન આપ્યું. પછી તો નિરાશ થઈને જનક રાજા ઉકરડામાંથી એક ભાંગેલું માટીનું વાસણ લાવ્યા ને તેમાં ખીચડી લીધી. પછી ખાવા માટે એક ખૂણો શોધ્યો. ત્યાંતો બે સાંઢ બાઝતાં બાઝતાં તેમની પાસે આવ્યા. વાગી જવાની બીકથી ને ખીચડી પડી જવાની બીકથી તેઓ ઓટલે ચડી ગયા ને બીકમાં ને બીકમાં ઊંઘ ઊડી ગઈ. એકદમ સફાળા જાગી ગયા. ત્યાં તો હજૂરિયાએ ‘બડે રાવ મહારાજ મિથિલાનરેશને ઘણી ખમ્મા’ એમ છડી પોકારી.

તેમને થયું કે, ‘આ સાચું કે સ્વપ્નું સાચું ?’ તેઓ તેમના ગુરુ અષ્ટાવક્ર ઋષિ પાસે ગયા અને સ્વપ્નની વાત કરતાં કહ્યું, ‘મારાથી સ્વપ્નમાં તો ખીચડી પણ બીકે કરીને ખવાણી નહિ. અને અત્યારે હું રાજા છું એ બેમાં સાચું શું ?’ ઋષિએ જવાબ આપ્યો, **‘સ્વપ્નવત્ સંસાર, ઓલું થોડી ક્ષણનું સ્વપ્નું ને આ સંસાર સાઠ-સિત્તેર-એંસી વરસનું સ્વપ્નું !’**

વહાલા ભક્તો, આપણે સ્વપ્નમાં ક્યારેક સુખ ને આનંદ માણતા હોઈએ છીએ અને ક્યારેક દુઃખ ને પીડા ભોગવતા હોઈએ છીએ; પરંતુ જેવું સ્વપ્ન પૂરું થાય ને જાગીએ કે તરત જ તે બધું ખોટું થઈ જાય છે, તેમ જ આ લોકનાં સર્વે સુખ-દુઃખ પણ સ્વપ્ન જેવાં જ છે, ફરક એટલો છે કે સ્વપ્નમાં આપણે સૂક્ષ્મ દેહથી ભોગવીએ છીએ અને જાગ્રત અવસ્થામાં સ્થૂળ દેહથી. પરંતુ શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે કે, **“જેને સ્થૂળ દેહને વિશે તથા સૂક્ષ્મ દેહને વિશે અભિમાન નથી, તેને તો સ્થૂળ દેહનું કર્મ પણ લાગતું નથી ને સૂક્ષ્મ દેહનું પણ લાગતું નથી; કેમ જે, એ તો કેવળ આત્મસત્તારૂપે જ વર્તે છે.”**

સત્ય તો આત્મા અને પરમાત્મા છે, માટે સાચું સુખ પણ આત્મા અને પરમાત્માનું જ છે. આત્માનું સુખ આત્મારૂપ રહેવાથી અનુભવાય છે અને પરમાત્માનું સુખ આત્મારૂપે-બ્રહ્મભાવે તેમનું ભજન કરવાથી અનુભવાય છે.

વહાલા ભક્તો, આ લોકનું કોઈ એવું સુખ નથી કે કાયમ માણી શકાય, તેવું સુખ તો એક હરિભજનનું-હરિસ્મરણનું જ છે. માટે જેમણે હરિરસ ચાખ્યો છે, તેવા મહાત્માઓ કહે છે કે,

**विपदो नैव विपदः संपदो नैव संपदः ।**
**विपद्विस्मरणं विष्णोः संपन्नारायणस्मृतिः।।**

આ લોકની કહેવાતી વિપત્તિ ખરેખર વિપત્તિ નથી, આ લોકની કહેવાતી સંપત્તિ ખરેખર સંપત્તિ નથી, ભગવાનની વિસ્મૃતિ એ જ વિપત્તિ છે અને તેમની સ્મૃતિ એ જ સાચી સંપત્તિ છે.

આપણા સદ્.મુક્તાનંદ સ્વામી કહે છે કે, ‘જ્યાં લગી જગ વિસ્તર્યો મૃગ તૃષ્ણા પાણી રે, તેમાં મોહ ન પામે મહામુનિ સ્વપ્નું પ્રમાણી રે.’

ભજનમાં અખંડ તલ્લીન રહેનારા મહાદેવજી પાર્વતીજીને તેમનો અનુભવ કહેતાં કહે છે કે,

**‘उमा कहऊँ मैं अनुभव अपना, सत हरिभजन जगत सब सपना ।’**

માટે જ્યાં સુધી દેહ સ્વસ્થ છે અને શ્રીહરિની કૃપાથી બધી વાતે સાનુકૂળતા છે, ત્યાં સુધીમાં બ્રહ્મભાવ કેળવીને ભગવાનનું ભજન કરી લઈએ; એ જ સારમાં સાર વસ્તુ છે. ●●●

ચાલો ઘરસભા કરીએ

# "ગુણ ગોતો ખૂબી ખોળો"

લેખક : પ.ભ.દિવ્યાંગભાઈ ઠક્કર-આણંદ

**કીર્તન :** YouTube

**ધૂન :** બ્રહ્મભાવે સ્મરણ વર્ષ છે તો બધા સભ્યો ભેગા મળીને નીચેની ધૂન સાથે સ્મરણ કરીશું. YouTube

**પૂજન :** ઘરમાં જે સભ્ય નાનામાં નાના હોય તેમણે મહારાજનું ફૂલ, ચોખા, તુલસીપત્ર કે કંકુથી પૂજન કરવું.

**પ્રાર્થના :**

**બ્રહ્મભાવે હરિસ્મરણ કરવું, આત્મામાં હરિરૂપને ધરવું; પરસ્પર આ યાદ રખાવવું, પળય જ્ઞાન આ ભૂલી ન જવું.**

જો આપણે સદાય ઘરમાં સંપ-આત્મીયતા જાળવવી હોય, સત્સંગમાં પણ કાયમ ચડતો ને ચડતો રંગ રાખી સદ્‌ગુણી બનવું હોય અને અંતઃશત્રુ સામે વિજય મેળવવો હોય, તો તેનો એક સરસ ઉપાય શ્રીજીમહારાજે વચનામૃતમાં બતાવ્યો છે અને તે છે પોતાના અવગુણ જોવા અને બીજાના ગુણ જોવા.

**ગ.પ્ર.૨૮ :-** સત્સંગીમાત્રને મોટા સમજે ને તેનો ગુણ જ લે તો વધે છે અને જો પોતાને જ મોટો માને ને બધાના અવગુણ લે તો તે સત્સંગમાં પાછો પડી જાય છે.

**ગ.પ્ર.૫૩ :-** સાધુનો ગુણ લે છે તે દિવસે દિવસે વધતો જાય છે અને સંતનો અવગુણ લે છે તે ઘટતો જાય છે.

**ગ.પ્ર.૫૮ :-** મોટા સંતને વિશે જેવા ગુણ કે દોષ કલ્પે છે તેવો પોતે થઈ જાય છે.

**ગ.પ્ર.૬૭ :-** એવા સત્પુરુષમાં જે દેવની બુદ્ધિ રાખે ને જેમ કહે તેમ જ કરે તથા તેમના ગુણ ગ્રહણ કરે અને પોતાના દોષનો પસ્તાવો કરે તેવા મુમુક્ષુમાં તે સત્પુરુષના તમામ ગુણો આવે છે. જે એવો ન હોય અને મોટા સંતમાં અવગુણ જોતો હોય તેમાં સત્પુરુષના ગુણ આવતા નથી.

**ગ.પ્ર.૭૩ :-** એવા રૂડા ગુણ આવ્યાનું કારણ એ છે જે, મોટાપુરુષને વિશે જે નિર્દોષ બુદ્ધિ રાખે છે તે પોતે સર્વ દોષ થકી રહિત થાય છે.

**સારંગ. ૧૮ :-** મોટાપુરુષ હોય તેને વિશે જે જે જાતના દોષ પરઠે, તે તે જાતના દોષ પોતાના હૈયામાં આવીને નિવાસ કરે છે. અને જો મોટાપુરુષના ગુણનું ગ્રહણ કરે અને એમ જાણે જે, 'મોટાપુરુષ જે જે સ્વભાવ રાખે છે તે તો જીવના કલ્યાણને અર્થે છે અને મોટાપુરુષ તો નિર્દોષ છે, અને મને દોષ જણાણો તે તો મારી કુમતિએ કરીને જણાણો છે;' એમ વિચારીને સત્પુરુષનો ગુણ ગ્રહણ કરે અને પોતાના અપરાધને ક્ષમા કરાવે, તો તે પુરુષની મલિનતા મટી જાય છે.

**લોયા. ૫ :-** સત્સંગમાં જે સર્વમાંથી ગુણ લેતો હોય તેનો જ પાયો પાકો છે.

**વિડિઓ :** પૂ.ગુરુજી YouTube

પૂ.ગુરુજીએ પણ આપણને એક ચોપાઈ કંઠસ્થ કરાવી છે જાણો છો ને....

**જ્ઞાન ઝીણામાં ઝીણી, સ્વખામી પર ખૂબી;**
**ગિરિસમ માનશો તે દી, હરિને જાશો પામી.**

માટે આજથી આપણે નક્કી કરીએ કે ઘરમાં અને સત્સંગમાં બધાના ગુણ જ જોઈશું અને ક્યારેય અંદર-અંદર ભેગા થઈને કોઈના અભાવ-અવગુણની વાત નહિ કરીએ.

ત્યારબાદ પૂ.સંતોના અને સભામાં જે હાજર ન હોય તેવા ભક્તોના ગુણ એકબીજાને કહેવા.

સભાને અંતે બધાને સવારની કથા સાંભળવી, તિલ-ચિહ્નનું ધ્યાન કરવું અને બ્રહ્મભાવે સ્મરણ વર્ષમાં સ્મરણ કરવાની યાદી આપી અંતે બધાને પ્રસાદ વહેંચીને હળવો આનંદ કરી છૂટા પડવું. ●●●

# શ્રધ્ધાંજલી



## ● અક્ષરવાસ : અ.નિ.પ.પૂ.સદ્.કો.શ્રીનારાયણપ્રિયદાસજી સ્વામી-કાલવાણી

શ્રીજીમહારાજના ચરણોથી અંકિત કાલવાણીધામનો જીર્ણોદ્ધાર કરનાર પ.પૂ.સદ્.કો. શ્રીનારાયણપ્રિયદાસજી સ્વામી; ગુરુ પ.પૂ.સદ્.કવિ સ્વામી શ્રીભક્તિપ્રિયદાસજી તા.૦૨/૦૪/૨૦૨૪ના રોજ ૭૫ વર્ષની ઉંમરે શ્રીહરિનું અખંડ સ્મરણ કરતાં કરતાં અક્ષરનિવાસી થયા છે. જેમની અંતિમવિધિમાં કુંડળધામથી પૂ.ગુરુજી વતી સંતોએ જઈ શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં હતાં. પૂ. નારાયણપ્રિયદાસજી સ્વામીને શ્રીજીમહારાજ પોતાની મૂર્તિનું અખંડ મહાસુખ આપે તેવી પ્રાર્થના...



## ● અક્ષરવાસ : અ.નિ.પ.પૂ.શ્રીવાસુદેવચરણદાસજી સ્વામી-કલાલી

કલાલીમાં રહેતા વડતાલ દેશના સંત પ.પૂ.શ્રીવાસુદેવચરણદાસજી સ્વામી; ગુરુ પ.પૂ.સદ્.શ્રીનારાયણચરણદાસજી સ્વામી-ડાકોરવાળા તા.૨૧/૦૪/૨૦૨૪ના રોજ ૬૨ વર્ષની ઉંમરે પ્રભુસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. તેઓની અંતિમયાત્રા તા.૨૨/૦૪/૨૦૨૪ના રોજ સવારે ૯:૦૦ કલાકે સંત નિવાસ -વડતાલધામથી નીકળી હતી. પૂ.વાસુદેવચરણદાસજી સ્વામીને શ્રીજીમહારાજ ધામમાં પોતાની મૂર્તિનું મહાસુખ આપે એ જ અભ્યર્થના...



## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીમૂળજીભાઈ નરશીભાઈ ધોરી-ધરવાળા

મૂળગામ ધરવાળામાં નિવાસ કરીને રહેતા પ.ભ.શ્રીમૂળજીભાઈ નરશીભાઈ ધોરી તા.૨૯/૦૩/૨૦૨૪ના રોજ ૮૫ વર્ષની ઉંમરે પ્રભુસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. મૂળજીદાદા જુના આત્મીયસભ્ય હતા. તેઓ કુંડળધામથી થતી સવારની કથા નિયમિત સાંભળતા હતા. પૂ.ગુરુજી અને સંતો ખોપાળામાં રહેતા એ વખતથી મૂળજીદાદા સંતો સાથે હેત રાખતા હતા. તેમને સત્સંગ અને સેવા ખૂબ ગમતાં. તેઓ અવારનવાર સેવા, સંત સમાગમ કરવા કુંડળ આવતા. વડોદરામાં પ્રીતમ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પણ દાદાએ સતત ત્રણ મહિના સુધી સંતો-ભક્તો સાથે રહીને તનતોડ સેવા કરી સૌને રાજી કર્યા હતાં. વળી શ્રીજીમહારાજે બાંધેલા છ ધામની યાત્રા પણ પગે ચાલીને કરી હતી; આવા મૂળજીદાદાના આત્માને શ્રીજીમહારાજ ધામમાં પોતાની મૂર્તિનું મહાસુખ અખંડ આપે તથા તેમના પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો કેળવવાનું બળ આપે એ જ પ્રાર્થના...



## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીકરશનભાઈ ખીમાભાઈ નસીત-ન્યુ દિલ્હી

મૂળગામ બાલાપર અને હાલ દિલ્હીમાં રહેતા પ.ભ.શ્રીકરશનભાઈ ખીમાભાઈ નસીત તા. ૨૮/૦૪/૨૦૨૪ના રોજ ૭૧ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. તેમનો આખો પરિવાર પૂ.ગુરુજીની સાથે જોડાઈને ખૂબ સારો સત્સંગ રાખે છે. મહારાજની, સંપ્રદાયની સેવાભાવના, નિષ્ઠા-સત્સંગ આ પરિવારમાં સારાં છે. કરશનદાદાએ કુંડળધામમાં રોકાઈને સેવાનો લાભ લીધો હતો. દાદાના આત્માને મહારાજ ધામમાં પોતાની સેવામાં રાખે એ જ પ્રાર્થના...




## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીહર્ષદભાઈ રામજીભાઈ બોદરા-સુરત

મૂળ ગામ ગઢાળી અને હાલ સુરતમાં રહેતા પ.ભ.શ્રીહર્ષદભાઈ રામજીભાઈ બોદરા તા.૨૫/૦૪/૨૦૨૪ના રોજ ૩૯ વર્ષની ઉંમરે શ્રીહરિનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. તેઓ યુવાસભ્ય હતા. તેમનાં ધર્મપત્ની સુરતમાં ઘનશ્યામ મહારાજના વાઘા બનાવવાની સેવા કરે છે. હર્ષદભાઈને બ્લડ કેન્સરનું નિદાન થયું ત્યાર પછી તેમને નક્કી કર્યું કે "મને જેમ પૂ.ગુરુજી કહે તેમ જ મારે કરવું છે." આવી ખુમારીવાળા હર્ષદભાઈના આત્માને શ્રીજીમહારાજ ધામમાં પોતાની સેવામાં રાખે તથા તેમના પરિવારજનોને પિતા તથા પતિનું છત્ર ગુમાવ્યાનું દુઃખ સહન કરવાનું બળ આપે એ જ પ્રાર્થના..

# સત્સંગ સમાચાર

## ● પંચદિનાત્મક ભક્તચિંતામણિ પારાયણ-કુંડળધામ









સહસ્રધરે શ્રીહરિનો અભિષેક




સહસ્રધરે સ્નાનોત્સવ



ગઢપુરમાં ગોપીનાથજી મહારાજના દર્શન

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામમાં પ.પૂ. સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીની પ્રેરણાથી ગામ ગોરવિયાળીના પ.ભ.શ્રીમોહનભાઈ ચોવટિયાનાં ધર્મપત્ની અ.નિ.કાંતાબેન મોહનભાઈ ચોવટિયાના મોક્ષાર્થે તા.૦૪/૦૪/૨૦૨૪ થી તા.૦૮/૦૪/૨૦૨૪ દરમ્યાન 'પંચદિનાત્મક ભક્તચિંતામણિ પારાયણ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. તા.૦૪/૦૪/૨૦૨૪ના રોજ સવારે ૯:૦૦ કલાકે કુંડળધામ નિજમંદિરેથી સંતો-ભક્તોના સાંનિધ્યે ધૂન-કીર્તનના સથવારે પોથીયાત્રા નીકળી કથાસ્થળ ભજનહોલે પહોંચી હતી.

પ.પૂ.ગુરુજી, પૂ.વહાલા સ્વામી, પૂ.કૃપાળુ સ્વામી તેમજ યજમાન શ્રીમોહનભાઈ ચોવટિયાના કરકમળો દ્વારા દીપપ્રાગટ્ય કરી પારાયણનો શુભારંભ થયો હતો. આ પ્રસંગે પૂ.દયાળુ સ્વામીએ મંગલ પ્રવચનનો લાભ આપ્યો હતો. આ પારાયણના વક્તા પૂ.ગુરુજીના શિષ્ય સાધુ અન્વયસ્વરૂપદાસજી સ્વામી તથા સાધુ આત્મીયસ્વરૂપદાસજી સ્વામીએ સુમધુર શૈલીમાં શ્રીહરિના પરમ કલ્યાણકારી ચરિત્રોની કથા સંભળાવી સૌને આનંદ-ઉત્સાહ સાથે શ્રીહરિમાં હેત-મહિમા વધારવાનું માધ્યમ પૂરું પાડ્યું હતું. તથા સંહિતાપાઠના વક્તા

પૂ.વિવેકસ્વરૂપદાસજી સ્વામી તથા પૂ.સંતદાસજી સ્વામીએ શ્રીભક્તચિંતામણિ ગ્રંથરાજનું સંપૂર્ણ પારાયણ કર્યું હતું. આ પારાયણ દરમ્યાન તા.૦૭/૦૪/૨૦૨૪ના રોજ પૂ.ગુરુજીએ સદ્. શ્રીમુક્તાનંદ સ્વામીકૃત "ધીર ધુરંધરા શૂર સાચા ખરા..." પદના માધ્યમે રવિસભાનો અનેરો લાભ આપતાં જણાવ્યું હતું કે, ‘આસક્તિપૂર્વક કોઈ દિવસ હરિ સિવાયનું કાંઈ પણ જોવું-જાણવું નહીં. તેથી નુકસાની જ થાય...’ એવી અનેક વાતો કરી દર્શન-આશીર્વચનનો લાભ આપી સૌને ધન્ય બનાવ્યા હતા.

વળી, પૂ.ગુરુજીએ પારાયણના પૂર્ણાહુતિના દિવસે સોમવતી અમાસના પાવન પર્વે શ્રીહરિજી મહારાજ અને પાંચસો પરમહંસોએ જ્યાં અનેક વાર સ્નાન કરીને જેને તીર્થત્વ બક્ષ્યું છે એવા ઉન્મત્તગંગાના પ્રસાદીભૂત સહસ્ત્રધરાએ અભિષેક તેમજ અવભૃથ સ્નાનનું આયોજન કરાવ્યું હતું. પૂ.ગુરુજીએ અક્ષરધામ તુલ્ય આ સહસ્ત્રધરામાં જળધારાઓની વચ્ચે રાજાધિરાજ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો દિવ્ય અભિષેક કર્યો હતો; આવાં દિવ્ય દર્શન તેમજ સ્નાનોત્સવનો લાભ લેવા માટે માંડવધાર, બોટાદ, ઝાંઝમેર વગેરે આજુબાજુના ગામના હજારો ભક્તો આવ્યા હતા. બોટાદના ભાવિક ભક્તો તમામ ભક્તો માટે પાતરાનો પ્રસાદ તૈયાર કરી લાવ્યા હતા. વળી, અંતમાં સહુ સંતો-ભક્તો ગઢપુરપતિ ગોપીનાથજી મહારાજનાં દર્શન તેમજ દરબારગઢ, અક્ષરઓરડી વગેરે પ્રભુના પરમ પ્રસાદીભૂત સ્થાનોના દર્શનનો અલૌકિક લાભ લઈ ધન્ય થયા હતા.

આ પારાયણ તેમજ સ્નાનોત્સવના યજમાનપદની સેવાનો લાભ પ.ભ.શ્રીમોહનભાઈ ચોવટિયા તથા તેમના પુત્રો શ્રીહંસરાજ-ભાઈ, શ્રીરસિકભાઈ તથા શ્રીભુપતભાઈ વગેરે પરિવારજનોએ લીધો હતો.

## ● શ્રીસ્વામિનારાયણ સત્સંગહોલ ખાતમુહૂર્ત એવં સત્સંગ સભા-અવતારીબાગ, નવસારી








વડતાલ શ્રીલક્ષ્મીનારાયણ દેવ તાબાના શ્રીસ્વામિનારાયણ મંદિર, અવતારીબાગ-નવસારી ખાતે તા.૧૫/૦૪/૨૦૨૪ ને સોમવારના રોજ નૂતન સત્સંગહોલનું ખાતમુહૂર્ત એવં સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂ.ગુરુજી વતી કારેલીબાગ-વડોદરાથી પૂ.સ્નેહાળુ સ્વામી વગેરે સંતો પધાર્યા હતા. પૂ.સ્નેહાળુ સ્વામીએ સત્સંગહોલના પાયામાં પ્રથમ ઈંટ મૂકીને સત્સંગહોલનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ દિવસે નવસારીનાં સૌ ભાઈઓ-બહેનો ભક્તોએ સવારે ૮:૦૦ થી ૧૦:૩૦ સુધી ધૂન કરી મહારાજને રાજી કર્યા હતા.

આ શુભ અવસરે પૂ.સ્નેહાળુ સ્વામીએ કથા-વાર્તાનો લાભ આપી સેવાનો મહિમા સમજાવી પરસ્પર આત્મીયતા જાળવવાની શીખ આપી હતી. આ પ્રસંગે પૂ.ગુરુજીએ લાઇવ વીડિયોના માધ્યમે સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. કાર્યક્રમને અંતે સંતોએ સૌ હરિભક્તોને પોતાના હાથે પ્રસાદ પીરસીને રાજી કર્યા હતા. આ કાર્યક્રમના યજમાનપદની સેવાનો લાભ પ.ભ.કાળુભાઈ સવાણી-ઉગામેડીએ લીધો હતો.

## ● શ્રીસ્વામિનારાયણ છાશ કેન્દ્ર ઉદ્‌ઘાટન-કુંડળધામ







ઉનાળાની કાળઝાળ ગરમીમાં કુંડળધામમાં શ્રીહરિના દર્શનાર્થે આવનાર યાત્રાળુઓને ગરમીમાં રાહત થાય, અંતરમાં શાંતી મળે અને ભગવાનમાં હેત થાય; એવી વિશાળ અને ઉમદા ભાવનાથી પૂ.ગુરુજી દર વર્ષે આવા ધોમધખતા ઉનાળામાં ‘છાશ કેન્દ્ર’ શરૂ કરાવે છે.

આ વર્ષે પણ તા.૨૬/૦૪/૨૦૨૪ ને શુક્રવારના રોજ મોર્નિંગ કથાને અંતે પૂ.ગુરુજી સંતો-ભક્તો સહિત વાજતે ગાજતે શ્રીહરિનામ-સંકીર્તન સાથે કુંડળધામમાં સર્વમંગલ કાર્યાલયની સામે ‘શ્રીસ્વામિનારાયણ છાશ કેન્દ્ર’ના ઉદ્‌ઘાટન માટે પધાર્યા હતા. પૂ.ગુરુજીના કરકમળો દ્વારા શ્રીફળ વધેરી છાશ કેન્દ્રનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પૂ.ગુરુજીએ આશીર્વાદ પાઠવતાં જણાવ્યું હતું કે, 'શ્રીહરિની પ્રસાદીની, ભગવાનના સંબંધવાળી દિવ્ય ભૂમિમાં છાશ પીનાર યાત્રાળુના અંતરમાં ઘણું સુખ થશે, ઠંડક થશે. તેને ગુણ આવશે, ભગવાન શ્રીસ્વામિનારાયણમાં ભાવ થશે અને સંતો-ભક્તોમાં ભાવ થશે તો તેનાં પાપ બળી જશે, તેને સત્સંગ થશે, ભગવાનમાં હેત થશે એટલે એ જીવનું રૂડું થશે. જેથી મહારાજ બધા ઉપર ખૂબ રાજી થશે. માટે ભાવથી બધા સેવા કરી પ્રેમથી બધાને છાશનો પ્રસાદ આપજો.'

## ● ૨૪૩મો શ્રીઘનશ્યામ જન્મોત્સવ, કારેલીબાગ-વડોદરા અને કુંડળધામ





કુંડળધામ

WATCH VIDEO





કારેલીબાગ-વડોદરા

વિ.સં.૨૦૮૦ ચૈત્ર સુદ-૯ બુધવાર તા.૧૭/૦૪/૨૦૨૪ના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા અને કુંડળધામ એમ બંને સ્થાનોમાં ૨૪૩મા શ્રીઘનશ્યામ જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે પૂ.ગુરુજીની પ્રેરણાથી તા.૧૬/૦૪/૨૦૨૪ થી તા.૧૯/૦૪/૨૦૨૪ સુધી અખંડધૂનનું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું. આ ધૂનમાં કુલ ૯૫ જેટલાં અલગ-અલગ સ્થાનોએ દેશે-વિદેશે, શહેરે-શહેરે અને ગામોગામ હરિભક્ત ભાઈઓ-બહેનો, આબાલ-વૃદ્ધ સૌ અનેરા ઉમંગ અને ઉત્સાહથી જોડાઈને પ્રભુમય બન્યાં હતાં.

તા.૧૭/૦૪/૨૦૨૪ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યે શ્રીરામ જન્મોત્સવ પ્રસંગે બન્ને મંદિરમાં મર્યાદા પુરુષોત્તમ શ્રીરામચંદ્ર ભગવાનની આરતી અને દર્શનનો સૌને અલભ્ય લાભ મળ્યો હતો. રાત્રે પૂ.દયાળુ સ્વામીએ શ્રીઘનશ્યામજીના લીલાચરિત્રોનું રસપાન કરાવી હરિવરમાં હેત કરાવ્યું હતું. રાત્રે ૧૦:૧૦ કલાકે અખિલ બ્રહ્માંડના નાયક, સૌ સંતો-ભક્તોના હૃદયેશ્વર એવા શ્રીઘનશ્યામ બાળપ્રભુના પ્રાગટ્ય સમયે પૂ.ગુરુજીએ આરતી ઉતારી દર્શનનો અલૌકિક લાભ આપ્યો હતો. તેમજ પૂ.ગુરુજીએ સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. ઉપરાંત બંને મંદિરોમાં પ્રભુજીની અનેક બાળલીલાઓનાં હૃદયગમ્ય ફ્લોટના દર્શનનો સૌ સંતો-ભક્તોએ પ્રત્યક્ષ યાતો ઝૂમ-નેટના માધ્યમે અનેરો લાભ લીધો હતો. જન્મોત્સવ પ્રસંગે બાળ-યુવાવૃંદે અનેરો રાસ લઈ, મટકી ફોડી સૌને આનંદિત કર્યા હતા. અંતમાં સહુ સંતો-ભક્તો હિંડોળામાં હીંચકતા બાળસ્વરૂપ શ્રીઘનશ્યામજીને ઝુલાવી ધન્ય બન્યા હતા.

## ● ચૈત્રી સમૈયો-વડતાલધામ












શ્રીલક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દિ મહોત્સવના ઉપલક્ષમાં શ્રીસ્વામિનારાયણ મંદિર, વડતાલધામ ખાતે તા.૧૭/૦૪/૨૦૨૪ બુધવારથી તા.૨૩/૦૪/૨૦૨૪ ને મંગળવાર સુધી સાત દિવસીય ચૈત્રી સમૈયાનું દિવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સાથેસાથે શ્રીહરિનો ૨૪૩મો પ્રાગટ્યોત્સવ પણ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.

આ ચૈત્રી સમૈયા માં સત્સંગ મહાસભાના પ્રમુખ પ.પૂ.સદ્.શા.શ્રીગૌતમપ્રકાશદાસજી સ્વામી-વડતાલધામની પ્રેરણાથી 'શ્રીમદ્ભાગવત સપ્તાહ' કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાના વક્તાપદે પ.પૂ.સદ્.શા.શ્રીનારાયણચરણદાસજી સ્વામી-વ્રજભૂમિ, આણંદએ બિરાજી પોતાની રસમય શૈલીમાં સંગીતના સથવારે સૌને કથામૃતનો લાભ આપ્યો હતો. પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજ, પ.પૂ.શા.ડૉ. શ્રીસંતવલ્લભદાસજી સ્વામી-મુખ્ય કોઠારીશ્રી વડતાલધામ, પ.પૂ.શ્રીદેવપ્રકાશદાસજી સ્વામી-ચેરમેનશ્રી વડતાલધામ તથા અનેક મહાનુભાવ સંતોની ઉપસ્થિતિમાં દીપપ્રાગટ્ય અને મંગલ ઉદ્બોધન દ્વારા કથાનો મંગલ પ્રારંભ થયો હતો. શ્રીહરિના પ્રાગટ્ય દિને પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા બંને પૂ.લાલજી મહારાજના વરદહસ્તે દેવોનો અભિષેક કરવામાં આવ્યો હતો. તેમજ દેવોને અન્નકૂટ પણ ધરાવવામાં આવ્યો હતો. જેના દર્શનનો લ્હાવો લઈ સૌ સંતો-ભક્તો ધન્ય બન્યા હતા. આ ચૈત્રી સમૈયામાં એકાદશીના દિવસે પ.પૂ.આચાર્ય મહારાજશ્રીએ ૭ મુમુક્ષુઓને ભાગવતી મહાદીક્ષા આપી હતી. આ સમૈયા દરમ્યાન હોમાત્મક યજ્ઞ અને મહાપૂજાનું પણ વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫૦ ઉપરાંત ભક્તોએ લાભ લીધો હતો. સમૈયા અંતર્ગત તા.૨૨/૦૪/૨૦૨૪ ને સોમવારના રોજ કુંડળધામથી પ.પૂ.ગુરુજીએ પધારી વ્યાખ્યાનમાળાનો લાભ આપ્યો હતો. જેમાં સદ્. શ્રીનિષ્કુળાનંદ સ્વામી કૃત 'મારે પાતળિયાશું પ્રીત વાલપ વાધી છે...' પદનું વિવેચન કરી ભગવાનની નિષ્ઠા-મહિમા-આશરો દૃઢ કરી પ્રભુમાં હેત વધારવાનું માધ્યમ પૂરું પાડી સૌને ખૂબ આનંદ આપ્યો હતો.

આ સમૈયા દરમ્યાન પ.પૂ.આચાર્ય મહારાજશ્રીએ પણ અવારનવાર પધારી ઉપસ્થિત સૌ સંતો-ભક્તો અને યજમાનશ્રીઓને આશીર્વાદ આપ્યા હતા. આ સમગ્ર સમૈયાના યજમાનપદની સેવાનો લાભ અ.નિ.રાવજીભાઈ મહીજીભાઈ પટેલ, ગં.સ્વ.શારદાબેન રાવજીભાઈ પટેલ તથા પ.ભ.હર્ષદભાઈ રાવજીભાઈ પટેલ પરિવારે તથા કથા પારાયણના યજમાનપદની સેવાનો લાભ પ.ભ શ્રીપ્રિયાંકભાઈ તથા મેહુલભાઈ પટેલ-વડોદરા તથા ગં.સ્વ. સવિતાબેન નારાયણભાઈ ગોહિલ-જૂનાગઢે લીધો હતો.

## ● શ્રીસ્વામિનારાયણ મંદિર, મોટીવાવડી પાટોત્સવ-૬






વિ.સં.૨૦૮૦ ચૈત્ર સુદ-૬ રવિવાર તા.૧૪/૦૪/૨૦૨૪ના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, મોટીવાવડીમાં બિરાજમાન વહાલા શ્રીસ્વામિનારાયણ ભગવાનનો છઠ્ઠો વાર્ષિક પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગામના સૌ નાના-મોટા હરિભક્ત ભાઈઓ-બહેનોએ મંદિરમાં રંગોળી પૂરી સુંદર શણગાર કર્યો હતો. આ પાટોત્સવ પ્રસંગે કુંડળધામથી પૂ.ગુરુજીની આજ્ઞાથી પૂ.દયાળુ સ્વામીએ પધારી કથા-વાર્તાનો વિશેષ લાભ આપી આશીર્વાદ પાઠવ્યા હતા. પૂ.દયાળુ સ્વામી તથા સંતો-ભક્તોએ વહાલા મહારાજનું જનમંગલ નામાવલી દ્વારા પૂજન કરી દૂધ, દહીં, સાકર, મધ, કેસરજળ અને જુદા જુદા ફળોના જ્યુસથી દિવ્ય અભિષેક કર્યો હતો. ત્યાર બાદ ઉપસ્થિત સહુ સંતો-ભક્તોએ સમૂહ આરતીનો લાભ લીધો હતો. ઉપરાંત મંદિરમાં બિરાજમાન શ્રીસ્વામિનારાયણ ભગવાન માટે ગામના ભાવિક ભક્તોએ ભાવથી બનાવેલ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ પાટોત્સવનો લાભ લઈ સહુ ભક્તો ધન્ય બન્યા હતા.

આવો વડોદરા આવો...
છે લેવા જેવો લહાવો...



વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે...

શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા આયોજિત

# घनश्याम द्विदशाब्दी महोत्सव

તા. ૨૧ થી ૨૭ મે, ૨૦૨૪

સં.૨૦૮૦, વૈશાખ સુદ-૧૩ થી વૈશાખ વદ-૪

સ્થળ : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા



કથાવાર્તા, વિવિધ શિબિરો,
વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં મહાસંમેલન,
પદયાત્રા અને પંચાળાના થ્રીડી રાસના ભવ્ય લોંચિંગને
માણવા માટે અવશ્ય પધારો અને આનંદ વધારો...

પ્રેરક : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

OFFICIAL TRAILER

વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં **મહાસંમેલન** પ્રસંગે...

3D ANIMATION

SWAMINARAYAN FILM

# स्वामिनारायण रास

COMING SOON



प्रेरक : प.पू.सद्.श्री ज्ञानजीवनदास जी स्वामी-कुंडलधाम

प्रकाशक : श्री स्वामिनारायण मंदिर, कारेलीबाग-वडोदरा तथा कुंडलधाम

## ૨૬ મે, ૨૦૨૪ Launching

સ્થળ : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા